મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે
પ્લાન સદરે માંગણી નં.૯,૯૫ અને ૯૬ હેઠળ કુલ રુ.૨૫૩૬૧.૧૯
લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૧૨૭૮/આર

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૧૬/૦૫/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૭/૦૪/૧૫ના પત્ર ક્રમાંક:મભય/હસબ/વહીવટી મંજુરી/૨૦૧૫-૧૬/૩૦૪૪

ઠરાવ –

રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભારત સરકારના ૭૫ % હિસ્સા માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે માંગણી નં.૯ હેઠળ રુ.૩૭૧૪૧.૯૪ લાખ, માંગણી નં.૯૫ હેઠળ રુ.૫૧૫૮.૫૯ લાખ અને માંગણી નં.૯૬ હેઠળ રુ.૯૨૮૫.૪૯ લાખ મળીને કુલ રુ.૫૧૫૮૬.૦૨ લાખની રકમ માટે માનદ વેતન,કુકીંગ કોસ્ટ,ટ્રાન્સપોર્ટેશન એમ.એમ.ઇ.હેઠળ મળનાર ગ્રાન્ટ માટે રુ.૫૧૫૮૬.૦૨ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા સંદર્ભ-૧ના કમિ.મ.ભો.યો.ના પત્રથી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભારત સરકારના ૭૫ % હિસ્સા અને રાજ્ય સરકારના ૨૫ % હિસ્સા માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે માંગણી નં.૯ હેઠળ રુ.૧૮૨૬૦.૦૬ **લાખ,૯૫ હેઠળ રુ.૪૫૬૫.૦૨ લાખ અને ૯૬ હેઠળ રુ.૨૫૩૬.૧૧ લાખ મળીને કુલ રુ.૨૫૩૬૧.૧૯ લાખની રકમ માટે માનદ વેતન,કુકીંગ કોસ્ટ,ટ્રાન્સપોર્ટેશન એમ.એમ.ઇ.હેઠળ મળનાર ગ્રાન્ટ માટે કુલ રુ.૨૫૩૬૧.૧૯ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.**

**શરતો-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનો રહેશે.

(૭) આઇ.ટી.સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતેની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯)યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧)તા.૧/૪/૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) કેન્દ્ર પૂરસ્કૃત યોજના માટે જીઓઆઇની ગ્રાન્ટ મળેથી રાજ્ય સરકારનો હિસ્સાનો ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) મ.ભો.યો. અંતર્ગત આ ફાઇલ પર ભારત સરકારના ૭૫ % હિસ્સા મુજબ રુ.૫૧૫૮૬.૦૨ લાખની બજેટ જોગવાઇ પૈકી નાણા વિભાગ દ્વારા પ્રસ્તુત બાબતે રુ.૨૫૩૬૧.૧૯ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.ભારત સરકાર તરફથી મ.ભો.યો. અંતર્ગત ભવિષ્યમાં થનાર કેન્દ્રીય સહાય અંગે ફેરફારને આધિન બાકીની રકમ માટે કમી.મ.ભો.યો.દ્વારા અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૦૫/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.